**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૩૬ ટકા

# શહેરમાં મહારાણા પ્રતાપની જન્મજયંતિ ઉજવાઈ

## પરંપરાગત સાફા-પાઘડીમાં સજ્જ રાજપૂતોએ શોભાયાત્રામાં રંગ જમાવ્યો : મહિલાઓએ તલવારબાજીના કરતબ દેખાડયા





ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આજે શૌર્ય પુરુષ મહારાણા પ્રતાપની ૪૭૯મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ ઉપરાંત શહેરના રાજપૂતો દ્વારા મહારાણા પ્રતાપના જન્મદિનને અમૂલ પરિવર્તન દિવસ તરીકે ઉજવવા સાથે શસ્ત્ર અને શાસ્ત્રોની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરની રાજપૂત સંસ્થાઓ દ્વારા સંયુકત રીતે આયોજિત મહારાણા પ્રતાપ જન્મજયંતિ ઉત્સવમાં શસ્ત્રો અને શાસ્ત્રોની પૂજા બાદ પરંપરાગત સાફા અને પાઘડીમાં સજ્જ ઘોડેસવારો સાથે ડીજે સંગીતના તાલે રાજપૂત યુવાનોએ શહેરના માર્ગો પર શૌર્યનો માહોલ ઉભો કર્યો હતો. આ ઉજવણીમાં શહેરની રાજપૂત સંસ્થાઓ જેવી કે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ મહિલા રાજપૂત સમાજ, રાજપૂત સમાજ યુવા વિકાસ પરિષદ, કરણી સેના, મહાકાલ સેના, ક્ષત્રિય યુવક સંઘ વગેરેના સભ્યો તથા હોદેદારો જોડાયા હતા. આ શોભાયાત્રામાં રાજપૂત મહિલાઓએ તલવારબાજી જેવા દિલધડક કરતબ દેખાડયા હતા. શોભાયાત્રાને જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂતે પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તેમણે સંસ્કૃતિ અને અખંડિતતાના પ્રહરી મહારાણા પ્રતાપના જીવન અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત રાજપૂત સમાજના પ્રમુખ એલ.કે. વાઘેલાએ સમાજમાં અમૂલ પરિવર્તનના લાભાલાભ ગણાવ્યા હતા.

મહારાણા પ્રતાપની જન્મજયંતિ ઉજવણીમાં પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, રાંધેજાના સરપંચ જશુજી પરમાર ઉપરાંત રાજપૂત અગ્રણીઓ રણજિતસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ રાઓલ, રમજુભા જાડેજા, મહિલા અગ્રણી સોનલબા ચાવડા, શિલ્પાબા જાડેજા, મહાવીરસિંહ શેખાવત, અશોકસિંહ પરમાર, બાબુસિંહ વાઘેલા, શંકરસિંહ ગોહિલ, જીલુભા ધાંધલ, પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ ચાવડા, વિનોદસિંહ રાઠોડ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપને દશરથસિંહ વાઘેલાએ આભારવિધિ વ્યકત કરી હતી જયારે દિગપાલસિંહ સોલંકીનું મહારાણા પ્રતાપની ભૂમિકા ભજવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજપૂત આગેવાન બાબુસિંહ જોઝા પાઘડીમાં સજ્જ થઈ ઉપસ્થિત રહ્યા હતા.

## જીએમઈઆરએસ કોલેજમાં નર્સીંગ ડેની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૯

જી.એમ.ઈ.આર.એસ. કોલેજ અને હોસ્પિટલ દ્વારા તા. ૧૧મેના રોજ નર્સીંગ ડેની ઉજવણી બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન સિવિલ કેમ્પસ સ્થિત ઓડિટોરિયમ હોલ ખાતે યોજાશે. ઉલ્લેખનીય છે કે નર્સિંગ ડે વીક અંતર્ગત સ્ટાફ સભ્યો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે.

નર્સીંગ ડેને અનુલક્ષીને તા. ૧૧મેના રોજ જી.એમ.ઈ.આર.એસ. કોલેજ ખાતે ઉજવણી કરાશે. નર્સિંગ ડે વીક અંતર્ગત સ્ટાફના સભ્યો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ક્રિકેટ મેચ, કિવઝ, મ્યુઝિકલ ચેર, લીંબુ ચમચી, પાસીંગ પીલ્લો, મેમરી ગેમ યોજાયા હતા તથા તા. ૧૦ને શુક્રવારના રોજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાનાર છે અને તા. ૧૧મી મેના રોજ જી.એમ.ઈ.આર.એસ. કોલેજના સીઈઓ ડૉ. આર. દિક્ષિત, જીએનસીના રજીસ્ટ્રાર ડૉ. પ્રજ્ઞા ડાભી, ડૉ. બીપીન નાયક, ડીન ડૉ. શોભના ગુપ્તા, સિ.સુ. ડૉ. નીયતી લાખાણી અને એન.એસ. જાગૃતિબેન પટેલ હાજર રહેશે.

## સે-૩ ન્યુને શ્વાન મુકત કરવા વસાહતીઓની માંગ

ગાંધીનગર શહેરમાં દિન પ્રતિદિન શ્વાનનો આંતક વધતો જાય છે. તાજેતરમાં સેકટર-૫માં એક નાની બાળકી પર શ્વાને હુમલો કરી બચકા ભરી લેતા બાળકી ઘાયલ થઈ હતી. ત્યારે સેકટર-૩ ન્યુ ખાતે પણ શ્વાન કરડવાના બે કિસ્સા સામે આવ્યા છે. જેને પગલે સેકટરના બાળકો અને સિનિયર સિટીઝનો ઘરમાંથી બહાર નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે. ત્યારે સ્થાનિક વસાહતીઓએ તંત્રને શ્વાનોનું ખસીકરણ કરવા માટે લેખિત માંગ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે અંદાજીત ૧૫૦ થી વધુ શ્વાને ડેરો નાંખ્યો છે. શ્વાનની ગણના પાલતુ-વફાદાર પ્રાણીમાં થાય છે. પરંતુ સેકટરમાં રહેતા શ્વાન નાગરીકો પર હિંસક બની રહ્યા છે. સેકટર-૩ ન્યુ ખાતે તાજેતરમાં બે બાળકોને શ્વાને ઈજા પહોંચાડતા તેઓને સારવાર લેવાની ફરજ પડી હતી. જયારે સ્થાનિક વસાહતીઓ બાઈક કે સ્કુટર લઈને નીકળે તો પાછળ દોડે છે જેથી વાહનચાલક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા અકસ્માત સર્જાય છે. જયારે નાના બાળકો ઘર આગળ રમતા પણ ડર અનુભવી રહ્યા છે. બાળકો રમતા હોય ત્યારે વાલીઓ લાકડીઓ લઈને બેસી રહે છે. તો બીજી તરફ સિનિયર સિટીઝનો પણ શ્વાનના આંતકને પગલે ઘરની બહાર નીકળતા વિચાર કરે છે. તાજેતરમાં સેકટર-૫ માં એક નાની દિકરી પર શ્વાને હુમલો કરતા તેની ઈજા પહોંચાડી હતી. ત્યારે શહેરની સિવિલમાં પણ શ્વાન કરડ્યા હોય તેવા દર્દીઓની સંખ્યા સવિશેષ જોવા મળી રહી છે. સેકટર-૩ ન્યુના વસાહતીઓએ તંત્રને શ્વાન મુકત સેકટર કરવા માટે લેખિત રજુઆત કરી છે. ત્યારે હાલના તબક્કે તો નાગરીકોએ જીવના જોખમે શ્વાનની આગળથી પસાર થવું પડે છે. ઉલ્લેખનીય છે કે તંત્રની ગાડીઓ શ્વાનને પકડવા માટે આવે છે ત્યારે કેટલાક સ્થાનિક પ્રાણી પ્રેમી શ્વાનને લઈ જવાની ના પાડતા હોય છે. જેને પગલે નાગરીકો અને પ્રાણી પ્રેમીઓ વચ્ચે પણ ચકમક ઝરતી જોવા મળે છે.

# શહેરમાં કલરવ બાલોત્સવ ૨૦૧૯નો પ્રારંભ

## પ્રવૃત્તિમાં ૧૨૦ જેટલા બાળકો ભાગ લઈ રહ્યા છે




ગાંધીનગર, તા.૯

બાળકોનું વેકેશન શરૂ થઈ જવાની સાથે જ વેકેશનમાં અલગ અલગ પ્રવૃત્તિઓ પણ શહેરમાં શરૂ થઈ ગઈ છે. કલરવ સંસ્થા દ્વારા કલરવ બાલોત્સવ ૨૦૧૯ની શરૂઆત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં થઈ છે. ઉલ્લેખનીય છે કે સંસ્થાનો આ ૧૨મો બાલોત્સવ યોજાઈ રહ્યો છે. જેમાં તા. ૭થી તા. ૧૯મે સુધી બાળકો જુદી જુદી પ્રવૃત્તિ જેવી કે ડ્રામા, ગરબો કથ્થકની પ્રવૃત્તિ વિવિધ તજજ્ઞો પાસેથી શીખશે અને છેલ્લા દિવસે ફાઈનલ પરફોર્મન્સ આપશે.

ગાંધીનગરની કલરવ સંસ્થા દ્વારા કલરવ બાલોત્સવ ૨૦૧૯નો પ્રારંભ થઈ ગયો છે. જેમાં બાળકો માટે ડ્રામા, ગરબો, રાસ, કથ્થક, ભરતનાટયમ, રાજસ્થાની ડાન્સ, દુર્ગાપૂજા, ગણેશ વંદના જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર તથા આજુબાજુના વિસ્તારમાંથી બાળકો આ પ્રવૃત્તિમાં ભાગ લેવા જોડાઈ રહ્યા છે. મજાની વાત તો એ છે કે વેકેશનમાં મોસાળે આવેલા બાળકો પણ કલરવ બાલોત્સવમાં જોડાઈ રહ્યા છે. કુલ ૧૨૦ બાળકોએ આ પ્રવૃત્તિમાં ભાગ લીધો છે. આ દરેક પ્રવૃત્તિનું સંકલન આશાબા સરવૈયા દ્વારા કરવામાં આવ્યું છે. વિવિધ તજજ્ઞો દ્વારા બાળકોને વિવિધ એકિટવીટી શીખવાડવામાં આવી રહી છે. જેમાં ડ્રામા નીતન પટેલ અને ફાલ્ગુન નંદા દ્વારા, ગરબો અને રાસ ભાવેષ ત્રિવેદી, કથ્થક-ગાર્ગી પસારી ઠક્કર, ભરતનાટયમ અર્ચના બાશી અને ધરતી કંદોઈ, રાજસ્થાની ડાન્સ મીતી ભટ્ટ, દુર્જા પૂજા અને ગણેશ વંદના વિશાલ વર્મા અને ફાઈનલ પરફોર્મન્સ હેમા ભટ્ટ દ્વારા શીખવાડવામાં આવી રહ્યું છે. આ પ્રવૃત્તિમાં પ્રમુખ કમલ કિશોર જૈન સાથે નરેશભાઈ ઠાકર, કલ્પનાબેન ઠાકર, વિણાબેન વોરા, ઉમાબેન ભટ્ટ, કાલિંદી મેકવાન, અનિલ જૈન, ડૉ. પિયુષ દવે, ઉર્મિલ વેદ, ભાવેશ એરડા, જયશ્રી ખેતિયા પણ સહયોગ પુરો પાડી રહ્યા છે.

## સર્જક સાથે એક સાંજ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

વિસરતી ગરવી ગુજરાતી માતૃભાષામાં લોકોનો રસ કેળવાય અને તેનો વ્યાપ વધે તે હેતુસર ગાંધીનગર સાહિત્યસભા દ્વારા તા. ૧૨ મેના રોજ સાંજે ૫ કલાકે સે-૧૬ સ્થિત યુથ હોસ્ટેલ ખાતે સર્જક સાથે એક સાંજ કાર્યક્રમ અંતર્ગત સાહિત્ય સર્જક રવજીભાઈ ગાબાણી તેમની સર્જનયાત્રા, કૃતિઓનું સ્વમુખે પઠન અને ભાવિકો સાથે સીધો સંવાદ કરશે. નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્યરસિકો તથા સર્વે સભ્યોને આ સભામાં ભાગ લેવા સંસ્થાના પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ' તથા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## આવતીકાલે સે-૩-સીમાં સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા.૯

સ્વ.રમેશચંદ્ર હિરાલાલ સાગરના પુણ્ય સ્મરણમાં સરલાબેન રમેશચંદ્ર સાગર પરિવાર દ્વારા ગોસ્વામી સંજય ભારતીજીના સાંનિધ્યમાં તા. ૧૧મેના રોજ સાંજે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૪૫૫/૨, સે-૩-સી ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

## શહેરના આઈસક્રીમ પાર્લર વિદ્યાર્થીઓથી ઉભરાયા

ગાંધીનગર, તા.૯

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજરોજ જાહેર થઈ ગયું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સવારથી જ પરિણામલક્ષી ઉત્સુકતા હતી ત્યારે પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓ તથા વાલીઓની ભીડ શાળા ઉપરાંત મંદિરોમાં, આઈસ્ક્રીમ પાર્લર પર, કેફે તથા રેસ્ટોરન્ટમાં જોવા મળી હતી.

વિજ્ઞાન પ્રવાહ ધો-૧૨નું પરિણામ જાહેર થતા સવારથી જ વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. વિદ્યાર્થીઓ તથા વાલીઓની મંદિરોમાં સવારથી અવરજવર ચાલુ જ હતી. સાથે સાથે રિઝલ્ટ આવવાની ખુશીમાં શહેરના આઈસક્રીમ પાર્લર, કેફે તથા રેસ્ટોરન્ટમાં પણ ભીડ જોવા મળી હતી. ઘણા વિદ્યાર્થીઓ તા શાળામાંથી બારોબાર બહાર મિત્રો સાથે ફરવા જતા જોવા મળી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે દરેક શાળા દ્વારા લગભગ ૧૨ વાગ્યાની આસપાસનો સમય પરિણામ લેવા માટે અપાયો હતો પણ સવારે ઓનલાઈન રીઝલ્ટ જોવાથી લઈ શાળામાં મિત્રોને મળી વિદ્યાર્થીઓ ખુશી બમણી કરતા જોવા મળી રહ્યા હતા સાથે સાથે દરેકે ગ્રુપ સેલ્ફી લઈ ફોટા અપલોડ પણ કર્યા હતા.

## એનઆઈસીએમ-એસજેપીઆઈ કોલેજના એમબીએમાં છેલ્લા ચાર વર્ષથી સો ટકા પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના પ્રવેશ દ્વાર ચ-૦ સર્કલ નજીક ૨૫ એકરના સુંદર કેમ્પસમાં સ્થિત એનઆઈસીએમ સંસ્થા સંલગ્ન શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ કોલેજમાં વિદ્યાર્થીઓનું છેલ્લા ૪ વર્ષથી ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થવા પામ્યું છે. પ્લેસમેન્ટમાં વિદ્યાર્થીઓને દેશની ખ્યાતનામ કંપનીઓ દ્વારા રૂ. ૪ થી ૧૦ લાખ સુધીના પેકેજ આપવામાં આવ્યા છે. કોલેજના ડાયરેકટર ડૉ. બી.કે. નિર્મલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે 'અમે વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે તેમના વ્યકિતત્વ વિકાસને પાયામાં ધ્યાને રાખી તે દિશામાં નકકર સબળ પરિણામ મળે અને તેમનું ભવિષ્ય ઉજજવળ બને તે માટે પ્રયાસ કરીએ છીએ.'

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી જીટીયુ સાથે સંકળાયેલ એસજેપીઆઈ કોલેજમાં ૨ વર્ષનો માસ્ટર ઈન બીઝનેઝ એડમિનીસ્ટ્રેશન-એમબીએનો અભ્યાસક્રમ ચલાવાય છે. છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત આ સંસ્થામાં રહેવા જમવાની સગવડ સાથે એસી કલાસરૂમ્સ, ઈન્ટરનેટ લેબ, કોલેજની કરોડરજ્જુ સમી ૩૫ હજાર પુસ્તકો, ૬૪ નેશનલ જર્નલ્સ તથા ૪૬થી વધુ ઈન્ટરનેશનલ ઈ-જર્નલ્સનો ખજાનો ધરાવતી અદ્યતન લાયબ્રેરીની સુવિધા ઉપલબ્ધ છે. કોલેજમાં પ્રો. યસ ભટ્ટ પ્લેસમેન્ટની જવાબદારી સંભાળે છે. જેમના પ્રયાસો થકી વિદ્યાર્થીઓને ટીસીએસ, એચડીએફસી, મ્યુચ્યુઅલ ફંડ, ટોરેન્ટ પાવર, ઈન્ડિયા માર્ટ, કોલગેટ, પેટીએમ, હીટાચી, કોટક બેંક, યસ બેંક, એશિયન પેઈન્ટસ, બજાજ કેપિટલ જેવી ૧૫૦થી વધુ કંપનીઓ જોબ ઓફર કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે એનઆઈસીએમ સેવા સંકુલના સ્થાપક સ્વ. જયરામભાઈ પટેલ હતા અને હાલ તેમના પુત્ર જયપ્રકાશભાઈ પટેલ સંસ્થાનું સંચાલન સંભાળી રહ્યા છે.

## ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ૨૩મી જૂને જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૩મી જૂનના રોજ ગાંધીનગર ખાતે શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેકટર-૧૬ ગાંધીનગર ખાતે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે.

દરેક જગ્યાએ યોજવામાં આવતા જીવનસાથી સંમેલન કરતા કંઈક અલગ અને અનેરું સંમેલન યોજવામાં આવશે. જેમાં યુવક યુવતીના બાયોડેટાની સંપૂર્ણ ચકાસણી અને ખરાઈ સમાજ દ્વારા કરવામાં આવશે. આ માટે ફોર્મ તા. ૧૦-૫-૨૦૧૯થી આપવામાં આવશે. ફોર્મ શ્રી સ્વામી સચ્ચિદાનંજી બ્રહ્મભવનશ્રી સોમનાથ મહાદેવ મંદિર, રંગમંચની સામે, સે-૧૬-ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે અને ફોર્મ ભરીને બ્રહ્મભવન સે-૧૬, ગાંધીનગર ખાતે ૩૧મી મે સુધીમાં પરત કરવાના રહેશે.

વધુ માહિતી માટે સમાજના નરેન્દ્ર વ્યાસને મો. ૯૮૯૮૦૩૨૬૫૯ પર સંપર્ક કરવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પીનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.

## ઉમિયા માતાજીનો ૧૬મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૯

કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમિયા માતાજીનો ૧૬મો પાટોત્સવ તા. ૧૭મે ના રોજ સવારે ૮ થી સાંજે ૭ વાગ્યા સુધી સે-૧૨ સ્થિત ઉમિયા માતાજી સંસ્થાન ખાતે યોજાશે.

કડવા પાટીદાર સમાજ દ્વારા ૧૬મો પાટોત્સવ યોજાશે. જેમાં સવારે ૮ કલાકે નવચંડી યજ્ઞ, ૧૧.૩૦ કલાકે પૂજન, બપોરે ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ અને સાંજે ૫ કલાકે શ્રીફળ હોમાશે. સંસ્થાના પ્રમુખ ભરતભાઈ બી. પટેલ મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલ અને સમગ્ર હોદ્દેદારો દ્વારા દરેક સમાજના સભ્યને સહપરિવાર પધારવા જણાવાયું છે.

# કે.ડી. હોસ્પિટલ ખાતે ૧૬ કલાકમાં ૨૭ બેરિયાટ્રીક સર્જરીનો વિક્રમ

## ગુજરાતમાં સૌ પ્રથમવાર એક સાથે આટલી બેરિયાટ્રીક સર્જરી યોજાઈ : મેદસ્વિતા દૂર કરવા માટે કરાય છે બેરિયાટ્રીક સર્જરી : ૧૮ મહિલા અને ૯ પુરૂષ દર્દીઓની સર્જરી કરાઈ : જંકફુડ-કેક-પ્રેસ્ટી તથા કોલ્ડડ્રિંકસ તમાકુ જેટલા જોખમી : ડો. મનિષ ખેતાન

ગાંધીનગર, તા.૯

'કોલ્ડ ડ્રિન્કસ, કેક-પ્રેસ્ટી તથા જંક ફુડ તમાકુનું કામ કરી રહ્યા છે' તેવું જણાવતા કે.ડી. હોસ્પિટલના બેરિયાટ્રીક તથા રોબોટીક જી.આઈ. સર્જન ડૉ. મનિષ ખેતાને તા. ૭મી મે એ ૧૬ કલાકમાં ૨૭ દર્દીઓની બેરિયાટ્રીક સર્જરીનો રાજયમાં વિક્રમ સ્થાપ્યો હોવાની માહિતી આપતી વખતે જણાવ્યું હતું. તેમણે આ સાથે જણાવ્યું હતું કે 'દાળ-ભાત-શાક-રોટલીનું ગુજરાતી ભોજન સૌથી ઉત્તમ છે' પરંતુ આ સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે, 'મેદસ્વિતા સામે લડવાનો એક જ ઉપાય છે અને તે છે ધરાઈ જાવ એટલે ઉભા થઈ જાવ.'



### પાર્ટી કલ્ચરનો વધતો ક્રેઝ મેદસ્વિતા માટે જવાબદાર

આ સાથે ડૉ. મનિષ ખેતાને જણાવ્યું હતું કે ભારતમાં છેલ્લા કેટલાક વર્ષથી મેદસ્વિતાનું પ્રમાણ વધી રહ્યું છે. જેનું મુખ્ય કારણ કેક, પ્રેસ્ટી, બ્રેડ, પાઉં, કોલ્ડ ડ્રિંકસ અને જંક ફુડ પીરસતી બર્થ ડે સહિતની વિવિધ પાર્ટીઓ એક મહિનામાં પાચ-સાત વાર યોજાવાનો ટ્રેન્ડ વધતો જાય છે જે બાળકોથી માંડીને મોટેરાંઓ સુધી તમામ માટે મેદસ્વિતાને આમંત્રણ આપનારો છે.

ગાંધીનગર સરખેજ હાઈવે પરના વૈષ્ણોદેવી સર્કલ પાસેની કે.ડી. હોસ્પિટલમાં તા. ૭મી મેના રોજ ડૉ. મનિષ ખેતાન તથા ટીમ દ્વારા ૨૭ દર્દીઓની બેરિયાટ્રીક સર્જરી એટલે કે મેદસ્વિતા ઘટાડવાનું ઓપરશન હાથ ધરવામાં આવ્યું હતું. અને આ તમામ દર્દીઓની સર્જરી માત્ર ૧૬ કલાકમાં પૂર્ણ થવા પામી છે જે ગુજરાતમાં પ્રથમવાર થયું હોવાનો હોસ્પિટલ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. આ સાથે ડૉ. ખેતાન દ્વારા તમામ દર્દીઓની તબિયત સારી હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તા. ૬ઠ્ઠીમેના રોજ સાંજે ૬ કલાકે પ્રથમ સર્જરી શરુ કરવામાં આવી હતી અને તા. ૭મી મેના રોજ સવારે ૧૦ કલાકે છેલ્લી સર્જરી પુરી કરી હતી. જેમાં તેમણે ૧૮ મહિલા તથા ૯ પુરુષ સહિત કુલ ૨૭ દર્દીઓની સર્જરી કરી હતી. આ તમામ દર્દીઓને દર અડધા કલાકે પ્રવાહી આપવામાં આવી રહ્યું છે અને ઝડપથી તેમને ઘરે જવા માટે રજા આપવામાં આવશે. એક સાથે કરવામાં આવેલ સર્જરીઓના કારણે દર્દીઓ માટે આ ઓપરેશનનો ખર્ચ જે સામાન્ય રીતે રૂ. ૩ લાખ જેટલો થતો હોય છે તે ૫૦ ટકાથી વધુ ઘટીને રૂ. ૧.૪૫ લાખ જેટલો જ થવા પામ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. પટેલ બળદેવભાઈ આત્મારામભાઈ, ઉ.વ. ૮૭
- સ્વ. તખીબેન નાનાજી ઠાકોર, ઉ.વ. ૫૯
- સ્વ. ડઈબેન પુંજાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. ગોવિંદભાઈ મોતીભાઈ જાદવ, ઉ.વ. ૭૮
- સ્વ. યોગેશકુમાર કિશોરભાઈ ત્રિવેદી, ઉ.વ. ૫૨
- સ્વ. વાઘરી લવજીભાઈ વાડીલાલ, ઉ.વ. ૫૪